રજત જયંતિ મહોત્સવની સાથે સાથે

- હરિયાળી નગરી ગાંધીનગરમાં આવેલી અખિલ આંજણા કેળવણી મંડળે આજે ૨૫ વર્ષ પૂર્ણ કર્યા.
- આ રજત જયંતિ મહોત્સવમાં ઉત્તર ગુજરાત તેમજ સત્તાવીશ ગોળ ચૌધરી સમાજના જ્ઞાતિબંધુઓ ઉમટી પડયા હતાં.
- સંસ્થાના આ મહોત્સવમાં અન્ય ભગીની સંસ્થાઓના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સહિત માતા પિતા પણ ઉપસ્થિત રહ્યા હતાં.
- મહોત્સવમાં આજે સમાજના અગ્રણીઓ તથા વિવિધ પદ પર બિરાજમાન તેમજ ચૌધરી સમાજમાં મહત્વની જવાબદારી અદા કરનાર ૨૦ હજારથી વધુ જ્ઞાતિ બંધુઓ જોડાયા હતા.
- રજત જયંતિ મહોત્સવમાં ઉત્તર ગુજરાત સહિત પામોલ, બાપુપુરા, ધોળાકુવા, સોલેયા, ઈન્દ્રપુરા, બદપુરા, ઈશ્વરપુરા, છાલા, બાલવા, અમરાપુર, ખાંટા, માણેકપુરા વડા અને ચરાડા વગેરે ગામોમાંથી મોટી સંખ્યામાં ચૌધરી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.
- સંસ્થાના કાર્યક્રમમાં ચ-૩ ગ્રાઉન્ડ તથા સેકટર-૭ની આસપાસ અને આંતરીક માર્ગો પર વાહનોનો ભારે જમાવડો નજરે પડયો હતો.
- મહોત્સવમાં જ્ઞાતિબંધુઓને જમાડવા માટે શીરો, મગ, ફૂલવડી, દાળ-ભાત, અને છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- કાર્યક્રમને નિહાળવા માટે ૮ ડિસ્પ્લે મુકવામાં આવ્યા હતાં.
- અખિલ આંજણા યુવક મંડળ અમદાવાદના ૧૫૦ યુવાનો તેમજ ચૌધરી ૫૦૦ યુવાનો કાર્યક્રમ તથા ભોજન વ્યવસ્થામાં જોડાયા હતાં.

સે.૧૬માં સોમનાથ મંદિર ખાતે ગણેશોત્સવનું ભવ્ય આયોજન

૧૯ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો : સે. ૭માંથી ગણેશજીની શોભાયાત્રા નિકળશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૧૬માં નવનિર્મિત સોમનાથ મહાદેવ મંદિર ખાતે પ્રથમવાર ગણેશોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં તા. ૧૯મીના રોજ ગણેશજીની મુર્તી સાથે મોટી સંખ્યામાં ભાવિકો સાથે ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવશે. આ ઉપરાંત તા. ૧૯ થી ૨૩મી સુધી મહાદેવ મંદિર ખાતે વિવિધ ધાર્મિકની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

ગાંધીનગર શહેરમાં આ વખતે ચાર જગ્યાએ ગણેશોત્સવનું મોટાપાયે આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત શહેરના સેક્ટર-૧૬માં સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે નિમિત્તે ખાસ ગણેશોત્સવ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિના પિનાકિન રાવલે જણાવ્યું હતું કે, સોમનાથ મહાદેવ મંદિર ખાતે પ્રથમવાર ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેની પાછળ હાલ વિવિધ આઠ સમિતિઓના ૧૫૦ જેટલા સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

આ ઉપરાંત તેમણે કાર્યક્રમો અંગે જણાવ્યું હતું કે, તા. ૧૯મીના રોજ સવારે ૮.૩૦ કલાકે વિક્રાંત વી. પુરોહિતના નિવાસસ્થાને સેક્ટર-૭માંથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. તો રાત્રે નવ કલાકે 'હમારા મંચ' અંતર્ગત ગીત, સંગીત અને ડાન્સનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. તા. ૨૦મીએ રાત્રે ૯ કલાકે રાત્રે અરવિંદ શુકલ અને ધવલ સોની દ્વારા હાસ્યદરબારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તા. ૨૧મીના રોજ રીધમ ગ્રુપનો શુર મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા દ્વારા ફિલ્મી ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૨મીના રોજ રંગકશુંબલ ડાયરો રાખવામાં આવ્યો છે. જેમાં કાનજી માલધારી, સુલોચના જોશી અને વિક્રમ માલધારી પોતાનો કાર્યક્રમ રજુ કરશે.

ગેમી દ્વારા ઓઝોન ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ગેમી) દ્વારા ઓઝોન ડેની ગાંધીનગર ખાતે આગવી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિ માટે ખતરારૂપ બની ચૂકેલા, ઓઝોન વાયુના લેયર (પડ)માં ગાબડુ પડવાના સમાચારે વૈજ્ઞાનિકોને હચમચાવી મૂક્યા હતા. વાતાવરણમાં પ્રવેશતા સૂર્યના હાનિકારક કિરણોને અટકાવવા માટે રચાયેલા ઓઝોન વાયુના આવરણને પૃથ્વી ઉપર વધી રહેલા પ્રદૂષણને કારણે થતું નુકશાન અટકાવવા બાબતે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગેમીના ડાયરેકટર ડો. સંજીવ ત્યાગીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, વૈજ્ઞાનિક જિજ્ઞાસા કોઈ પણ ક્ષેત્રમાં મહત્વની સિદ્ધિ અપાવવામાં મદદરૂપ બની રહે છે. વર્તમાન સરકારના પ્રોત્સાહનથી પ્રગતિ સાધી રહેલી ગેમી સંસ્થાના ચેરમેન પદે રહેલા મુખ્ય સચિવ એ.કે. જોતિનો આ તબક્કે આભાર માનતા તેમણે પર્યાવરણની રક્ષા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા હિમાયત કરી હતી.

અટ્ટી દાયકા પહેલા તા. ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૭થી ઓઝોન ડે ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના સતત અને સઘન પ્રયાસના પરીણામે ઓઝોનમાં પડેલા ગાબડાને વિસ્તરતું અટકાવી શકાયું હોવાનું જણાવતા ડો. સંજીવ ત્યાગી અને ગેમીના વૈજ્ઞાનિક અધિકારી નિતાશા ખત્રીએ ઉમેર્યું હતું કે જે શીખીએ છીએ તે જ સમજવાના છીએ અને જે સમજીશું તેના રક્ષણ માટે પણ પ્રયાસ કરીશું. ઓઝોનના પડમાં પડેલા ગાબડાના કારણે અનેક ગંભીર બિમારીઓ થઈ શકે છે.

આ પ્રસંગે પર્યાવરણ વિષયક ચિત્રસ્પર્ધા, ઓઝોન જાગૃતિ વિષયક પ્રેઝન્ટેશન, કવીઝ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય જ્ઞાનથી વૈજ્ઞાનિક શોધો સુધીના વિષયોને આવરી લેતી કવીઝમાં જે.એમ. ચૌધરી, માઉન્ટ કાર્મેલ, સેંટ ઝેવિયર્સ (ઈંગ્લિશ માધ્યમ અને ગુજરાતી માધ્યમ), સ્કૂલ ઓફ એચિવર્સ અને જે.બી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન સિનીયર સાયન્ટીસ્ટ કુ.ઋતા ફાલ્ગુનભાઈ દેસાઈએ કર્યું હતું. આ સમારોહને સફળ બનાવવા માટે વહીવટી અધિકારી આર.એચ. કનોડીયા, પરેશ ચાવડા, સીમાબા જાડેજા વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે અંબાજી ખાતે 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના જાણીતા કાર્યકર સંજીવ મહેતાના નેતૃત્વમાં અંબાજી ખાતે આજે સવારે ૯ કલાકે 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ અંતર્ગત 'રાષ્ટ્ર વંદના ગીત' અને 'સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન'નો કાર્યક્રમ યોજાશે.

અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંબાજી ખાતે 'રાષ્ટ્ર વંદના ગીત' અને 'સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન' કાર્યક્રમનું આજે આયોજન થશે. ત્યારબાદ જૂની કોલેજ, સંસ્કૃત પાઠશાળા ખાતે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત સ્વામી વિવેકાનંદ યુવા સંદેશ યાત્રા યોજાશે. કાર્યક્રમમાં કોલેજનો યુવા વર્ગ દેશ ભક્તિ ગીતો રજૂ કરશે. કોલેજમાં યુવાનોને આઝાદી વખતનાં ગેરફિલ્મી દેશભક્તિ ગીતો શીખવવામાં આવે છે અને ત્યારબાદ સમૂહમાં આ ગીતો ગવડાવવામાં આવે છે. આ ઉપરાંત અંબાજી ખાતેના કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર આધારીત પ્રદર્શન અને પુસ્તક પ્રદર્શન યોજાશે.

યુવા દિશા કેન્દ્ર ગાંધીનગર અને ગુજરાત સરકારનાં સ્વામી વિવેકાનંદ ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી સેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી ચોરા, કોલેજના આચાર્ય વેષ્ણવભાઈ, સામાજિક કાર્યકર્તાઓ સર્વશ્રી કે.સી. પટેલ, બકુલેશ ત્રિવેદી, દિનેશભાઈ વાડીયા તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ પ્રદીપ આઝાદ ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગરના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગરની સામાન્ય સભા તાજેતરમાં સેકટર-૨૪, બુદ્ધવિહાર ખાતે મળી હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગુજરાત ધમ્મ સોસાયટીના પ્રમુખ તરીકે પ્રો. તુષાર સંબોધી, ઉપપ્રમુખ તરીકે એસ.એમ. વોરા, મહામંત્રી તરીકે જયંત સંઘદીપ, સહમંત્રી તરીકે રાજન રશ્મિન કે., કોષાધ્યક્ષ તરીકે ડૉ. નરેશ પટેલ તથા ઓડીટર તરીકે નારણભાઈ વાઘેલા અને કારોબારી સભ્ય તરીકે મનુભાઈ ચૌહાણ, વીરેન્દ્ર નાગપુરકર, જીતેન્દ્ર ધર્મપાલ, નગીનભાઈ પરીખ અને વિજયભાઈ વાઘેલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

લોહાણા યુવા સંગઠન ગાંધીનગરના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૬

લોહાણા યુવા સંગઠન ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં મળી હતી જેમાં વર્ષ-૨૦૧૨-૧૩ના પ્રમુખ તરીકે વિનોદ તન્નાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખે ત્યાર બાદ અન્ય હોદ્દેદારો અને કારોબારી સમિતિની રચના કરી હતી.

સંગઠનના ઉપપ્રમુખ તરીકે યોગેશ માધવાણી, મંત્રી તરીકે વિનોદ ઉદેચા, સહમંત્રી તરીકે રાજેશ ઠક્કર, કોષાધ્યક્ષ તરીકે મયૂર પૂજારા, સહ કોષાધ્યક્ષ તરીકે જિતેન્દ્ર ખખ્ખર, સંગઠન મંત્રી તરીકે જિજ્ઞેશ મજઠીયા અને કારોબારી સભ્યોમાં કિશોર હિન્ડોચા, બિપીન ઠક્કર, ગિરીશ ઠક્કર, સંજય ખખ્ખર, હેમંત એલ. પોપટ, યોગેશ દક્ષિણી, પાર્થ ઠક્કર, પ્રવીણ ઠક્કર, સચિન ઠક્કર અને કેયૂર ખખ્ખરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના કર્મચારીઓ ૨૭મી સપ્ટેમ્બરે માસ સી.એલ. ઉપર જવા મક્કમ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિની એક બેઠક ગઈ કાલે ગાંધીનગર ખાતે મળી હતી. તેમાં રાજયભરના સંઘો/મહાસંઘોના આશરે ૪૦૦થી વધુ સભ્યોએ હાજરી આપી તેમના મંડળોના માસ સી.એલ. રિપોર્ટના આદેશ આપતાં પાંચ લાખ કર્મચારીઓ ૨૭-૯-૨૦૧૨ની માસ સી.એલ. ઉપર જવા મક્કમ બની ગયા છે તેવું સંકલન સમિતિના કન્વીનર અને પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી ચંદુભાઈ જોશીએ જણાવ્યું હતું.

સંકલન સમિતિના પ્રવકતા શ્રી આર.એ. પટેલે જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓ સેવકો છે હતા અને રહેશે. હાલની સરકાર શહેનશાહના ખ્વાબમાં રાચે છે પરંતુ તેને ખબર નથી આ દેશમાં લોકશાહી છે શહેનશાહી પ્રથા નથી અને તેનો અહેસાસ કર્મચારી લોકશાહી પદ્ધતિથી આવનારી ચૂંટણીમાં શહેનશાહના ખ્વાબોમાં રાચતી સરકારને કરાવશે. આજની મીટીંગમાં શ્રી વિવેકભાઈ કાપડીયા, શ્રી અબ્દુલભાઈ ચૌહાણ, શ્રી પ્રવિણ સોલંકી, શ્રી ડી.આર. દેવમુરારી વગેરેએ હાજર રહી પ્રાસંગિક પ્રવચનો કરેલ હતાં.

પેથાપુર વાહન વ્યવહાર એસ.ટી. સેવાના સેવકોને અભિનંદન પાઠવતા ગ્રામજનો

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે છેલ્લા ઘણા સમયથી ૧૦એસ.ટી. બસ સેવા બાબતે નાની મોટી ફરિયાદો હતી. પેથાપુર એસ.ટી. એસોસિએશનના પ્રમુખ કનુજી છનાજી, બ્રિજેશ પટેલ, કેયૂર પટેલ, મૌલિક ચૌહાણ, જયેશ ડબગર અને ફકીર મયુરદીનના સેવા કાર્યથી પેસેન્જરને ઘણી રાહત થઈ છે. સ્વયંસેવકોની સેવા ચાલુ કર્યા બાદ દરેક વિભાગની બસો સમયસર પેથાપુર ગામમાં આવે છે. ગ્રામજનો-મુસાફરોને અનુકૂળતા થઈ છે. કામગીરીને ગ્રામજનોએ અભિનંદિત કરી છે.

વિકાસથી ઝક્કાસની વાતો વચ્ચે...

અસંખ્ય પડકારોની મીણબત્તીને ફૂંકીને નરેન્દ્રભાઈ સ્વર્ણિમ બર્થડે કેક કાપશે

સફળતાનું શિખર હંમેશા લપસણું રહેતું હોય છે, છેલ્લા ૧૨ વર્ષોથી ગુજરાતનાં સતત વધી રહેલાં સફળતાનાં ગ્રાફને જોઈને અન્ય રાજ્યો કે રાષ્ટ્રો અચંબામાં પડી ગયાં છે અને સફળતાની હદમાં વસતાં કેટલાંક તત્વો સતત ટીકાનો મારો ચલાવે છતાંય પેલાં બહેરા દેડકાની વાર્તાની જેમ ટીકાઓ સાંભળ્યા વગર સતત વિકાસ અને અવનવી યોજનાથી લોક ચાહના મેળવી રહેલાં ગુજરાતનાં લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એમનો ૬૩મો જન્મદિવસ ઉજવશે.

વિકાસથી જક્કાસ ગુજરાતની મશાલ લઈ સ્વામિ વિવેકાનંદની જેમ ફરી રહેલા નરેન્દ્રભાઈનાં અમુક કાર્યો તો ખરેખર કોઈપણ વ્યક્તિ વખાણે એવાં છે. હાલમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રંટ શરૂ થયો, દસ-પંદર વર્ષ પહેલાં જે અમદાવાદની સુકીભંઠ રહેતી નદી અને ધોબીઘાટ અને શૌચાલયનાં પર્યાય બનેલાં કિનારા હતાં ત્યાં નર્મદાના નીર પહોંચાડી અને રિવરફ્રંટથી જે નજારો બન્યો છે એ કોઈ વિદેશી શહેરની સુંદરતાથી ઉતરતી કક્ષાનો નથી.

ગુજરાત જે ગતીએ વિકાસની હરણફાળ ભરી છે અને એમાંય કૃષી, પાણી, વીજળી, ઔદ્યોગીક અને સેવાકીય ક્ષેત્રે જે માણવા અને મહિમા જાણવા ભારતનાં કોઈપણ રાજ્યમાં એકાદ મહિનો વસવાટ કરી આવે તો અહેસાસ થઈ જાય કે આપણે શું સાહ્યબી ભોગવી રહ્યાં છીએ... ભારતની રાજધાની સહીત મોટા ભાગનાં રાજ્યો જ્યારે મીણબત્તીના પેકેટો ઘરમાં શોધતા હતાં ત્યારે ગુજરાત રોશનીથી ઝળહળતું હતું... જ્યોતિગ્રામ યોજનાથી ગુજરાતના પ્રત્યેક ઘરમાં ૨૪ કલાક વિજળી મળે છે જે એક વિચક્ષણ નેતા થકી જ શક્ય બની શકે !!

સિંગુરની અંદર ટાટા નેનોને પડેલી તકલીફોનો અંત માત્ર નરેન્દ્રભાઈના એક લાઈનનાં મેસેજથી આવી ગયો અને નેનોની ગાડીઓવીના રૂકાવટ ફરતી થઈ ગઈ... ભારતની અગ્રગણ્ય ઓટો કંપની એમનાં પ્લાન્ટ ગુજરાતમાં નાંખવા થનગની રહી છે એટલે રોજગારીની કેટલીય તકો ખૂલશે એમાં બેમત નથી..

પાણીની ખોટો કાગારોળ મચાવતાં લોકોને જાણીને આશ્ચર્ય થશે કે ભારતનું એકમાત્ર ગુજરાત રાજ્ય એવું છે જ્યાં પીવાનાં અને કૃષીની પાણીની સમસ્યા નથી અને પાણીનાં સ્તર ૩ થી ૧૩ ફૂટ જેટલાં ઉંચા આવ્યા છે !!

ગુજરાતને કેન્દ્ર સરકારનો યોજનાના સુંદર અમલીકરણ માટે 'રાજીવ ગાંધી એવોર્ડ' મળ્યો છે. છેલ્લા દશકામાં એકપણ ઔદ્યોગીક એકમે એક કલાકની પણ હડતાળ પાડી નથી, કરોડોનાં એમ.ઓ.યુ.માંથી માત્ર ૧૫-૨૦ ટકાય જો કાર્યરત થયાં હોય તો પણ એ ઈન્વેસમેન્ટ સાચા અર્થમાં ઉગી નીકળ્યું છે. ગુજરાતમાં પ્રથમ મેટ્રો ટ્રેન ટુંક સમયમાં દોડતી થશેજ, ગિફ્ટ સિટી માટે પણ ઘણી શંકા લોકો સેવે છે પણ એ જ્યારે અસ્તિત્વમાં આવશે ત્યારે દેશમાં વિદેશી સિટીનો અનુભવ અવશ્ય થવાનો જ છે !!

વડાપ્રધાન પદની રેસમાં અવારનવાર જેમનું નામ ચર્ચાય છે એવા નરેન્દ્રભાઈ અત્યારે તો ૬ કરોડ ગુજરાતી જનતાની ચિંતામાં જ મશગુલ છે... છેલ્લાં બે-ચાર વર્ષોનાં એમના વિરૂદ્ધ વિરોધનો વંટોળ ઉઠ્યો છે. ગોધરાકાંડનું ભૂત હજુય ધૂણ્યાં કરે છે અને નરોડા-વિસનગર જેવા કેસોનું નિરાકરણ આવતાં કહી ખુશી કહી ગમનો માહોલ છે... નકલી એન્કાઉન્ટર કેસમાં ગુજરાતની બ્રેઈન ટેંક, ગૃહમંત્રી અમિત શાહ જેવાં ધુરંધરો જેલની હવા ચાખી રહ્યાં છે... કેશુભાઈ અને શંકરસિંહ જેવાં જુના જોગી વિભીષણનાં રોલમાં આવી ગયા છે, નિસીતકુમાર બિહારમાં રહીને ગુજરાતનાં રાજકરણમાં ચંચુપાત કરે છે... સરકારી કર્મચારીઓ નારાજ છે અને સી.એન.જી. ભાવવધારો લોકોને ડંખે છે વગેરે પ્રશ્નોથી નરેન્દ્રભાઈ સામે ખતરો મંડાયો છે...

ઘરનું ઘર અને મફતમાં લેપટોપ પછી ચૂંટણી જંગમાં નરેન્દ્રભાઈ શું પત્તા ઉતારશે ? એવું સતત ચર્ચાય છે. વિકાસની વાતોમાં અનેક મેળાઓ સાથે સિધાં જનસંપર્કમાં આવતાં નરેન્દ્રભાઈ એમનાં ભાષણથી અને કાર્યપદ્ધતિથી લોકોને સંમોહીત કરવાની કળા જાણે છે. સતત સફળતા અને વિકાસથી એમનાં ઘર અને બહાર વિરોધીઓ દિવસે દિવસે વધતાં જ જાય છે... ઘરનાં ઘરમાંય જ્યોતિ ગ્રામ વિજયી અને મફતનાં લેપટોપમાં વિકાસનું સોફ્ટવેર કેવી રીતે ફીટ કરવું એનાં રસ્તા મોદી જાણેજ છે...

આજે એમનો ૬૩મો જન્મદિવસ કદાચ છેલ્લાં ઘણાં વર્ષોમાંના જન્મદિવસ કરતાં કપરો છે, એક સાથે અનેક સમસ્યાનો જવાબ એમણે આપવાનો છે... પોતાની વિચક્ષણ ચાણક્ય નિતીથી ગુજરાતનાં નાથ બનેલાં નરેન્દ્રભાઈ મોદી વિકાસની ગતીને જાળવી રાખવા હજુ એકાદ ટર્મ ગુજરાતનાં મુખ્યમંત્રી બની રહે એવી ઈચ્છા શિક્ષીત-સમજદાર, ગુજરાતનું હીત જોનારો વર્ગ ઈચ્છે છે... નરેન્દ્રભાઈ ખુમારી અને ખેલદીલીથી શાસનની ધૂરા જાળવી રાખે એવી એમની જન્મદિવસે હાર્દિક શુભેચ્છાઓ...

- સંજય થોરાત

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૩૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હૈ તો ઠીક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હૈ તો ઠીક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

સૂર્યા, વાવોલ

એક થા સોલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લોક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સેંક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હૈ તો ઠીક ડાલ : ૧.૩૦, ૭.૩૦
બર્ફી : ૫.૦૦

વિરાગ, કલોલ

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

વૃષભ : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કર્ક : મિત્રોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

સિંહ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કન્યા : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે. વ્યાપારક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે શુભકાર્યો, મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : આવકના સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ધાર્મિક મહત્વના કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ધન : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

મકર : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કુંભ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

મીન : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ બાબુભાઈ દરજી (ઉ.વ. ૪૭) પ્લોટ નં. ૫૨૯/૨, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન લાભશંકર પાઠક (ઉ.વ. ૭૫) ૩૩૧, ડબલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. દેવજીભાઈ રાજાભાઈ રાઠોડ (ઉ.વ. ૬૦) ૪૩૬, ડબલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ચંચળબેન કાન્તીલાલ પટેલ (ઉ.વ. ૧૦૦) મુ. પો. ધાનોત, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કુસુમબેન હરીભાઈ પંડ્યા (ઉ.વ. ૬૬) ૬, નવદીપ એપાર્ટમેન્ટ, સેકટર-૩૦, ગાંધીનગર.